વાઇલ્ડલાઇફ કન્ઝર્વેશન ટ્રસ્ટ દ્વારા પર્યાવરણ જાગૃતિ અંગે પુસ્તક પ્રકાશીત

# ''પર્યાવરણ જતન માટે હું શું કરીશ...?'': પૂ. મોરારીબાપુના હસ્તે પુસ્તકનું લોકાર્પણ




## નાંના બાળકોથી મોટેરાઓ માટે પર્યાવરણ લક્ષી સરળ ટીપ્સ: પૂ. મોરારીબાપુ અને પૂ. અપૂર્વ મુનિદાસજીનો સંદેશો રજુ

રાજકોટ તા. ૨૮ : માનવીએ પર્યાવરણને નુકશાન કરીને પોતાના પગ પર કુહાડો મારેલ છે. આથી પર્યાવરણીય અસંતુલા સર્જાઇ અને આપણે સહુ અનિયમિત વરસાદ, તાપમાન વધારો, વાવાઝોડું, પુર, ભુકંપ, સુનામી જેવા કુદરતના પ્રકોપ ભોગવી રહ્યા છીએ. આપણે દરેકે હવે જાગૃત થઇ ઇંધણ, વિજળી, કાગળ અને પાણીની બચત, વૃક્ષારોપણ, પ્લાસ્ટીક વપરાશ પર અંકુશ, પશુ-પક્ષી પ્રત્યે કરૂણા રાખવાની ખૂબ જરૂરત છે.

આ માટે વાઇલ્ડલાઇફ કન્ઝર્વેશન ટ્રસ્ટ રાજકોટ દ્વારા "પર્યાવરણ જતન માટે હું શું કરીશ...?" પુસ્તક પ્રકાશિત કરી પર્યાવરણ રક્ષણ માટેનો નમ્ર પ્રયાસ કરવામાં આવેલ છે. આ પુસ્તકમાં પ.પૂ.શ્રી મોરારિબાપુ તેમજ સાધુ શ્રી અપૂર્વ મુનિદાસજીના આશિર્વચન અને પર્યાવરણ રક્ષણનો સંદેશ પ્રાપ્ત થયેલ છે. તેમજ જોડિયા ખાતે શ્રી ગીતા જયંતી મહોત્સવના શુભપ્રસંગે પૂ.શ્રી મોરારિબાપુએ આ પુસ્તકને લોકાર્પણ કરેલ છે.

નાના-મોટા, બાળક-વૃધ્ધ, વિદ્યાર્થી-શિક્ષક, ગૃહિણી-ધુરંધર ઇન્ડસ્ટ્રીયાલીસ્ટ એમ તમામ જો પોતાના રોજીંદા વ્યવહારોમાં થોડી કાળજી રાખે તો પર્યાવરણ માટે ખુબ મોટું કામ થઇ શકે તેમ છે.

આ પુસ્તકમાં તમામ લોકો અપનાવી શકે તેવી સરળ ટીપ્સ આપેલ છે. આ પુસ્તક ટ્રસ્ટની ઓફીસ ૧૨૮, સ્ટાર પ્લાઝા, ફુલછાબ ચોકનો સંપર્ક કરી મેળવી શકાશે તેમજ www.asiaticlion.org/download.htm પરથી ડાઉન લોડ થ શકશે તેમ વાઇલ્ડલાઇફ કન્ઝર્વેશ ટ્રસ્ટ, રાજકોટના કિશોર કોટેચાએ અંતમાં જણાવેલ છે. (૬.૧૬)